# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-05-2026 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## <u>વરસાદની આગાહી:</u>

હવામાન વિભાગની આગાહી મુજબ સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતાં રાજ્યમાં આજથી મેથી ૪ જૂન સુધી વરસાદી વાતાવરણ રહેશે. ઉત્તર, મધ્ય, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં ૫૦થી ૬૦ કિમીની ઝડપે પવન ફૂંકાશે અને ગાજવીજ સાથે વરસાદની સંભાવના વ્યક્ત કરાઇ છે. આજે મહીસાગર, દાહોદ અને પંચમહાલમાં ભારે વરસાદ પડી શકે છે. કચ્છમાં ગઇકાલથી જ વાતારવણમાં પલટો આવ્યો છે. જિલ્લાના મોટાભાગના વિસ્તારમાં સવારથી સરેરાશ 15થી 25 કિલોમીટરની ઝડપે પવન ફુંકાયો હતો જેના કારણે ધૂળિયો માહોલ સર્જાયો છે.

બીજી તરફ, દેવભૂમિ દ્વારકામાં ૮થી ૧૦ ફૂટ ઊંચા મોજાં ઉછળતાં દરિયો તોફાની બન્યો છે. સુરક્ષાના ભાગરૂપે માછીમારોને ૫ દિવસ દરિયો ન ખેડવા તાકીદ કરાઈ છે. વરસાદને પગલે તાપમાનમાં ૩થી ૫ ડિગ્રીનો ઘટાડો થતાં ગરમીથી રાહત મળશે. જોકે, અમદાવાદમાં સામાન્ય વરસાદની આગાહીને પગલે IPL ફાઇનલ મેચ પર પણ સંકટ મંડરાઈ રહ્યું છે.

-----------------------------------------------------------------------------------------

## <u>અગરિયા અને મજુરો માટે ચેતવણી:</u>

રાજ્યમાં ભારે વરસાદ અને તેજ પવનની આગાહીને પગલે મીઠા ઉદ્યોગ તથા અગરિયાઓની સુરક્ષા માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભુજ દ્વારા તાકીદનો પત્ર જારી કરાયો છે. જનરલ મેનેજર દ્વારા સોલ્ટ એસોસિએશન અને અગરિયા હિતરક્ષક મંચને સૂચના અપાઈ છે કે જાનમાલનું નુકસાન ટાળવા અગરિયાઓ અને કામદારોને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવામાં

આવે અને આગાહીના સમયગાળા દરમિયાન રણમાં કામ પર જવું નહીં. આ ઉપરાંત, આર્થિક નુકસાનથી બચવા માટે સોલાર પંપ તેમજ તૈયાર થયેલા મીઠાને પણ વહેલી તકે સુરક્ષિત સ્થળે ખસેડી લેવા કડક આદેશ કરાયો છે.

---

## પીજીવીસીએલ દ્વારા પ્રિમોન્સુન કામગીરી:

ચોમાસામાં ગ્રાહકોને અવિરત વીજળી પૂરી પાડવા માટે પીજીવીસીએલ ભુજ વર્તુળ દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરીને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ભુજ, માંડવી અને નખત્રાણા ડિવિઝનમાં ઔદ્યોગિક, શહેરી અને જીઆઈડીસી ફિડરોની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ થઈ ગઈ છે. જ્યારે જ્યોતિગ્રામના ૭૦ ટકા અને કૃષિ ફિડરોના ૬૨ ટકા કામ પૂરા થયા છે.

અધિક્ષક ઇજનેરના જણાવ્યા મુજબ, લાઇનોનું રિપેરિંગ, ટ્રી-ટ્રિમિંગ અને ટ્રાન્સફોર્મરની જાળવણી જેવી પ્રવૃત્તિઓ કરાઈ છે. ચોમાસામાં વીજ વિક્ષેપ નિવારવા અને ત્વરિત રિસ્ટોરેશન માટે ૧લી જૂનથી ખાસ કંટ્રોલ રૂમ શરૂ કરાશે અને સબ-ડિવિઝન કક્ષાએ ટીમોને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે.

---

## ટ્રાન્સપોર્ટ અગ્રણીઓની બેઠક:

ખાડી યુદ્ધના કારણે સર્જાયેલી ડીઝલની તંગી અને ખોરવાયેલી સપ્લાય ચેઈનની સમસ્યાના ઉકેલ માટે ગાંધીધામ ચેમ્બર ખાતે ટ્રાન્સપોર્ટ અગ્રણીઓની બેઠક યોજાઈ હતી. બેઠકમાં હાઈવે પર પંપો દ્વારા વાહનોને પૂરતું ડીઝલ ન મળવા તેમજ તેના કારણે થતા મોટા આર્થિક નુકસાન અંગે મુખ્ય ચર્ચા થઈ હતી.

વૈશ્વિક સંકટમાં સરકારને ટેકો આપવા ટ્રાન્સપોર્ટ અગ્રણીઓ અને ચેમ્બર દ્વારા સંયુક્ત રીતે ૧ જૂનની હડતાળ મુલતવી રાખવાનો નિર્ણય લેવાયો છે. આ સમસ્યા અંગે પ્રતિનિધિમંડળ જિલ્લા કલેક્ટર અને કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરશે તથા દર અઠવાડિયે પરિસ્થિતિની સમીક્ષા કરાશે.

---

## અદાણી કચ્છની ITIને વિકસાવાશે:

ભુજમાં યોજાયેલા 'કર્મ ઉત્સવ'માં ગુજરાત સરકાર અને અદાણી સ્કીલ્સ એન્ડ એજ્યુકેશન (ASE) વચ્ચે બે મહત્વપૂર્ણ એમઓયુ થયા છે. આ ભાગીદારી હેઠળ કચ્છની 11 સરકારી આઈટીઆઈ નો કાયાકલ્પ કરી યુવાનોને રોજગારલક્ષી તાલીમ અપાશે.

કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા અને રાજ્યમંત્રી કાંતિલાલ અમૃતિયાની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને 'સ્કીલ ટુ એમ્પ્લોય' પત્રો અને ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ એવોર્ડ એનાયત કરાયા હતા. આ પહેલનો મુખ્ય હેતુ ઇન્ફ્રાસ્ટ્રક્ચર આધુનિકીકરણ અને વૈશ્વિક સ્તરના અભ્યાસક્રમ દ્વારા સ્થાનિક સ્તરે જ કુશળ વર્કફોર્સ તૈયાર કરવાનો છે, જેથી પ્રતિભાઓનું પલાયન અટકે અને કચ્છના રિન્યૂએબલ એનર્જી તથા લોજિસ્ટિક્સ હબ તરીકેના વિકાસમાં યુવાનો ભાગીદાર બને. આ 10 મુદ્દાના એજન્ડાને દેશમાં 'ગુજરાત મોડેલ' તરીકે ઓળખવામાં આવી રહ્યો છે.

---

## અંજાર પાલિકાના નિવૃત કર્મચારીઓને ગ્રેજ્યુટી ચુકવાઈ:

અંજાર નગરપાલિકાના નિવૃત્ત કર્મચારીઓને કોર્ટના ચુકાદા મુજબ ગ્રેચ્યુઈટી તેમજ છઠ્ઠા અને સાતમા પગારપંચના તફાવતની રકમ ચૂકવવામાં આવતાં કર્મચારીઓમાં આનંદની લાગણી પ્રસરી છે. નવનિયુક્ત પાલિકા પ્રમુખ ધર્મિષ્ઠાબેન ખાંડેકા અને પદાધિકારીઓએ નિવૃત્ત કર્મચારીઓના હક સત્વરે ચૂકવવાની કાર્યવાહી કરી હતી. આ અંતર્ગત 84 કર્મચારીઓને ગ્રેચ્યુઇટીના રૂપયા 1.13 કરોડ,47 કર્મચારીઓને સાતમા પગારપંચના રૂપિયા 25.24લાખ અને 8 કર્મચારીઓને છઠ્ઠા પગારપંચના રૂપિયા 42.73લાખ મળી કુલ 1 કરોડ 81લાખ 54હજાર 660નું ચૂકવણું કરાયું હતું.

---

## મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં દેશવિદેશના લોકો સમક્ષ તેમના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 134મી કડી હશે. હિન્દીમાં "મન કી બાત" ના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

-----------------------------------------------------------------------------------------------